નામજપસહિત પ્રદક્ષિણા કરવાથી દેવતાના ચૈતન્યને ગ્રહણ કરવામાં મદદ થાય છે !

(સંદર્ભ : પાનું ૬ -પ્રદક્ષિણાનું શાસ્ત્ર ...)

પ્રદક્ષિણાનું શાસ્ત્ર

peeeve keâeeve peheeheevee pevceeleJeCeeÛe leevee Ûe ~
leevee leevee eJeveçÛelee Øeo#eCe heo heo ~~

કહેવાય છે, કે દેવતાની પ્રદક્ષિણા કરવાથી સર્વ પાપ નષ્ટ થઈ જાય છે. 'દેવતાની પ્રદક્ષિણા કરવાનો અર્થ છે, દેવતાને પોતાના આઠેય અંગો સાથે નમસ્કાર કરવા. દેવતાને સાક્ષી માનીને પોતાના ષડ્‌રિપુ અને અહંનો નાશ કરવો અને અનન્ય ભાવથી દેવતાના શરણમાં જવું' પ્રદક્ષિણા કરવાથી જીવને મોટા પ્રમાણમાં દેવતાના સત્ત્વતરંગોનો લાભ થાય છે અને તેની ફરતે સુરક્ષાકવચ નિર્માણ થાય છે.

પ્રદક્ષિણા કરવાનું મહત્ત્વ - દેવતાની સત્ત્વલહેરોનો લાભ

પ્રદક્ષિણા કરવાથી દેવતાના સર્વ બાજુએથી નીકળનારા વિભિન્ન પ્રકારના સ્પંદનોને ભક્ત ગ્રહણ કરી શકે છે. દેવાલયના ગભારમાં રહેલ સત્ત્વલહેરો ગભારમાં અને ગભારની ચારેતરફ ગોળાકાર દિશામાં ફરતી હોય છે. દેવાલયમાં પ્રવેશ કર્યા પછી જીવ પર આ લહેરોનો સૂક્ષ્મમાંથી પરિણામ થવા લાગે છે. દેવતાના દર્શન કરવાથી જીવની સુષુમ્નાનાડી જાગૃત થવા લાગે છે. દેવતાની ફરતે પ્રદક્ષિણા કરવાથી આ લહેરોનો પ્રભાવ પ્રદક્ષિણા કરનારા પર થાય છે અને તેને આ સત્ત્વલહેરોનો ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થાય છે.

પ્રદક્ષિણા કરવાથી માંત્રિકે જીવની ફરતે નિર્માણ કરેલું કાળું આવરણ નષ્ટ થવું : સામાન્ય રીતે માંત્રિક (બળવાન આસુરી શક્તિ) જીવના મન અને બુદ્ધિને કેંદ્રબિંદુ રાખીને તેની આસપાસ અચક્રાકાર પદ્ધતિથી (પ્રદક્ષિણાની ઊલટી દિશામાં) કાળું આવરણ નિર્માણ કરે છે અને તે આવરણને દરદિવસે વધારે છે. તેને કારણે જીવને ઈશ્વરી શક્તિ મળવી બંધ થાય છે. જીવે ચક્રાકાર દિશાથી પ્રદક્ષિણા કરવાથી દેવતાની આસપાસ રહેલ શક્તિ જીવની આસપાસ ચક્રાકાર દિશાએ ગતિમાન થવાની શરૂઆત થાય છે. એને કારણે જીવની આસપાસ રહેલું કાળું આવરણ અને ઈશ્વરી શક્તિ વચ્ચે યુદ્ધ થાય છે અને કાળી શક્તિનું વિઘટન થઈને જીવની આસપાસ રહેલું કાળું આવરણ નષ્ટ થાય છે.

પ્રદક્ષિણા કરવાથી જીવની આસપાસ સંરક્ષણ કવચ નિર્માણ થવું : 'ભગવાનના દર્શનથી પ્રાપ્ત સગુણ ચૈતન્યથી એકવાર દેહની શુદ્ધિ થઈ જાય પછી, પાછા ફરતી વખતે પ્રદક્ષિણા કરીને દેવતાનો સંદેશો લેવાથી જીવની આસપાસ સંરક્ષણ કવચ નિર્માણ થઈને જીવના દેહમાંનું ચૈતન્ય દીર્ઘકાળ સુધી ટકવામાં અને દેહનું અનિષ્ટ શક્તિઓથી રક્ષણ થવામાં મદદ થાય છે.

પ્રદક્ષિણા કરવાથી જીવની ફરતે સાત્ત્વિક ક્ષેત્ર નિર્માણ થવાથી જીવનાં સપ્તચક્રોની અડચણ દૂર થઈને તેમની જાગૃતિ થવામાં મદદ થવી : જીવે ચક્રાકાર પદ્ધતિથી પ્રદક્ષિણા કરવાથી જીવ તરફ ઊર્ધ્વ દિશામાંથી ઈશ્વરી ચૈતન્ય આવે છે. પ્રદક્ષિણા કરવાથી જીવને દેવતાનાં ચિત્ર અથવા મૂર્તિમાંથી પ્રક્ષેપિત થનારી શક્તિ મળે છે. આ બન્નેને કારણે જીવની ફરતે સાત્ત્વિક ક્ષેત્ર નિર્માણ થાય છે. તેને કારણે જીવના સપ્તચક્રોમાં રહેલ અડચણો દૂર થઈને તેમની જાગૃતિ થવામાં મદદ થાય છે.

યુગ અનુસાર પ્રદક્ષિણાના સંદર્ભમાં થયેલ ફરક

'ભગવાન સમક્ષ એક જગ્યાએ ઉભા રહીને પ્રદક્ષિણા કરવી, એને પદ્મપુરાણ (પાતાળ, ૭૯/૩૬-૪૪) અનુસાર ૩૨ અપરાધોમાંથી છઠ્ઠો અપરાધ માનવામાં આવ્યો છે. તો પછી આપણે તો આરતી પછી, તેમ જ મંદિરમાં ભગવાનના દર્શન કર્યા પછી પ્રદક્ષિણા કરીએ છીએ, એ અયોગ્ય છે કે કેમ ? એવું કોઈને લાગી શકે છે. એટલે આ સંદર્ભમાં ખુલાસો નીચે પ્રમાણે કર્યો છે.

'ભગવાન સમક્ષ એક જ જગ્યાએ ઊભા રહીને પ્રદક્ષિણા કરવી, એ ચિત્ત ભગવાનથી વિચલિત થવાનું અથવા ઢળવાનું પ્રતીક છે. પુરાણ કાળમાં જીવ કળિયુગના જીવની તુલનામાં ખૂબ સાત્ત્વિક હતા. તે સમયે દેવાલયમાં જવું એ સંકલ્પના, ભગવાન સમક્ષ ચિત્ત સ્થિર કરીને સમાધિ અવસ્થાની અનુભૂતિ લેવી , એમ હતી. પ્રદક્ષિણા કરી પોતાનામાં રજોગુણની નિર્મિતિ કરવી, એ તે કાળમાં અપરાધ જ ગણાતો હતો. આ પરથી એવું ધ્યાનમાં આવે છે કે, તે તે કાળમાં નિર્માણ કરેલાં પુરાણ તે તે કાળના જીવોની જીવનપદ્ધતિના સિદ્ધાંતોને અનુસરીને જ હતા.

આરતીઓની નિર્મિતિ કળિયુગમાં થઈ; કારણકે કળિયુગનો જીવ એ અન્ય યુગના જીવો કરતાં ઓછો સાત્ત્વિક હોવાથી સંતોએ તાલસુરનો ઉપયોગ કરીને મનોરંજનાત્મક ઘટકમાંથી તેને ઈશ્વર તરફ વાળવાનો પ્રયત્ન કર્યો. એને કારણે જીવનો ઈશ્વર પ્રત્યે રહેલો ભાવ જાગૃત થવામાં મદદ થઈ. આરતીના સમયે રજોગુણી વલયો નિર્માણ થાય છે. તેનો ફાયદો જીવને થાય, એ માટે આરતી પછી ભગવાન સમક્ષે પ્રદક્ષિણા કરવાની સંકલ્પના કળિયુગમાં દ્રઢ થઈ. (આ વિષયની વધારે જાણકારી સનાતનના લઘુગ્રંથ આરતી કેવી રીતે કરવી ? માં આપી છે.)

દેવાલયના પ્રદક્ષિણા માર્ગમાં બ્રહ્માંડમાંની ઈચ્છા અને ક્રિયા લહેરો કાર્યરત હોય છે. આ રજોગુણી લહેરોનો ફાયદો કરવા માટે પ્રદક્ષિણા માર્ગ પરથી પ્રદક્ષિણા કરવાની પદ્ધતિ પણ કળિયુગમાં દ્રઢ થઈ.

પ્રદક્ષિણા કરવાનો ભાવાર્થ

'દેવતાની પ્રદક્ષિણા કરવી, એટલે દેવતાને આપણા આઠે અંગો સહિત, એટલે કે સાષ્ટાંગ નમસ્કાર કરવા જેવું જ છે. પ્રદક્ષિણા કરવી, એટલે દેવતાની સાક્ષીએ એક પ્રકારે પોતાનામાં ષડ્‌રિપુ અને અહમ્‌નો નાશ કરવાનો પ્રયત્ન કરવો અને અનન્ય ભાવે દેવતાના શરણમાં જવું.

દેવાલયમાં પ્રદક્ષિણા કરવા પહેલાં અને પછી જીવે દેવતાનું દર્શન કેવી રીતે કરવું

'દેવાલયમાં સભામંડપની વામ બાજુ તરફથી પ્રવેશ કરવાથી જીવે ગભારની બહારના ભાગમાં વામ બાજુ તરફથી પ્રથમ દેવતાના દર્શન કરવા અને તે પછી પ્રદક્ષિણા કરવાની શરૂઆત કરવી. પ્રદક્ષિણા થઈ ગયા પછી જીવે ગભારની બહારના ભાગમાં કુશ બાજુએ ઊભા રહીને દર્શન કરવા. આ રીતે દેવતાના દર્શન કરવાથી જીવની ઈશ્વરના તારક અને મારક બન્ને રૂપની ઉપાસના થાય છે અને જીવ ઈશ્વરી ચૈતન્ય વધારે પ્રમાણમાં અને સરળતાથી ગ્રહણ કરી શકે છે.'

(ભગવાનની હંમેશાં સુષુમ્નાનાડી શરૂ હોય છે. ભક્તોએ કરેલી પ્રાર્થના અનુસાર અથવા આવશ્યકતા અનુસાર ભગવાનની સૂર્યનાડી અથવા ચંદ્રનાડી શરૂ થાય છે. સૂર્યનાડી શરૂ હોય ત્યારે દેવતા તરફથી તારક રૂપનું કાર્ય થાય છે, જ્યારે ચંદ્રનાડી શરૂ હોય ત્યારે દેવતા તરફથી મારક રૂપનું કાર્ય થાય છે. - સંકલક)

'વામ બાજુએથી દેવતાના દર્શન કરવાથી જીવની સૂર્યનાડી જાગૃત થાય છે. પ્રદક્ષિણા કરવાથી જીવની સુષુમ્નાનાડી શરૂ થઈને પ્રદક્ષિણા પછી જીવે કુશ બાજૂએથી દર્શન કરવાથી જીવની ચંદ્રનાડી જાગૃત થઈને ત્રણે નાડીઓનું યોગ્ય સમન્વય સાધ્ય થઈને જીવને ઈશ્વરી ચૈતન્ય પ્રાપ્ત થાય છે.

દેવતાના દર્શન કયારેય ઊલટી પદ્ધતિએ ન કરવા; કારણકે ઊલટી પદ્ધતિએ દર્શન કરવાથી જીવના દેહમાં દર્શનને લીધે ભેગું થયેલું ઈશ્વરી ચૈતન્ય કૃતિમાંથી પાછી થનારી ક્રિયાને આધારે દેહમાં યોગ્ય રૂપે સંચારિત ન થતા અયોગ્ય પદ્ધતિથી ફરે છે. તેથી જીવને ત્રાસ થઈ શકે છે. તેમ જ કુશ બાજુએથી પ્રથમ દર્શન લેવાથી જીવની ચંદ્રનાડી પહેલાં જ કાર્યરત થવાથી દર્શનના ફળદ્રુપ રૂપે મળેલ ઈશ્વરી ચૈતન્ય વધારે પ્રમાણમાં દેહમાં ગતિમાન થઈને નષ્ટ થવાની શક્યતા હોઈને જીવને માથું દુખવું, ચક્કર આવવા, ઊલટી થવી વગેરે ત્રાસ થઈ શકે છે.

પ્રદક્ષિણા કરવાની પદ્ધતિ

પ્રદક્ષિણા પહેલાં ભગવાનને પ્રાર્થના કરવી

પ્રદક્ષિણા કરવા પહેલાં ભગવાનને નીચે આપેલી પ્રાર્થના આર્તતાથી કરવી.

અર્થ : ૧. (હે....(દેવતાનું નામ ઉચ્ચારવું), તમારી કૃપાથી પ્રદક્ષિણા કરતી વખતે પડનારા મારા દરેક પગલે મારા પૂર્વજન્મના પાપો બળી જવા દો.

૨. હે....(દેવતાનું નામ ઉચ્ચારવું), તમારી કૃપાથી તમારા તરફથી પ્રક્ષેપિત થનારું ચૈતન્ય મારાથી વધારેમાં વધારે ગ્રહણ થવા દો.

ભગવાનની જમણી તરફથી ડાબી બાજુએ (ઘડિયાળના કાંટાની દિશાએ) પ્રદક્ષિણા કરવાનું મહત્ત્વ

સ્થિરતા પ્રાપ્ત થવી : પૃથ્વીની ભ્રમણદિશા ઘડિયાળના કાંટાની ઊલટી દિશામાં થાય છે. એના કારણે વાતાવરણની લહેરો પણ એ જ દિશામાં ફરતી હોય છે. આપણે ઘડિયાળના કાંટાની દિશામાં પ્રદક્ષિણા કરીએ છીએ. આ પૃથ્વીની ભ્રમણદિશાથી વિપરીત છે, માટે આપણને એક રીતે સ્થિરતા પ્રાપ્ત થાય છે.

'પ્રદક્ષિણા હંમેશાં ભગવાનની જમણી તરફથી ડાબી બાજુએ કરવાથી પ્રદક્ષિણા કરનારની સૂર્યનાડી જાગૃત થઈને તેના સૂક્ષ્મ-દેહની સત્ત્વલહેરો અને દેવતા તરફથી પ્રક્ષેપિત થનાર અતિસૂક્ષ્મ-લહેરો ગ્રહણ કરવાની ક્ષમતા વધે છે.

'પ્રદક્ષિણા માર્ગમાં કાર્યરત રહેલી ઈચ્છા અને ક્રિયા લહેરોના સંક્રમણની દિશા ઘડિયાળના કાંટાની દિશાએ જ હોવાથી પ્રદક્ષિણા કરવાની પદ્ધતિ આપણી ડાબી તરફથી જમણી બાજુએ જ હોય છે. ઊલટી દિશામાં પ્રદક્ષિણા કરવાથી ઈચ્છા અને ક્રિયા લહેરોના પ્રવાહની વિરુદ્ધ દિશામાં જવાને કારણે માથું ભારે થવું, અસ્વસ્થ લાગવું, અચાનક પરસેવો વળવો, થાક લાગવો એવા ત્રાસ થાય છે.'

નમસ્કારની મુદ્રા કરીને પ્રદક્ષિણા કરવી

'દેવાલયમાં પ્રદક્ષિણા કરતી વખતે નમસ્કારની મુદ્રામાં હાથ જોડીને તે અનાહતચક્રના સ્થાને મૂકવામાં આવે છે. તેથી દેવાલયના પ્રદક્ષિણા કક્ષમાં કાર્યરત થયેલ ચૈતન્ય જીવને ૧૦ ટકા વધારે ગ્રહણ થઈને જીવની મનોમયકોષની શુદ્ધિ થવામાં મદદ થાય છે. નમસ્કાર કરતી વખતે આંખો બંધ કરવી.

પ્રદક્ષિણા કરતી વખતે નામજપ કરવું

એનાથી સતત ઈશ્વર સાથે અનુસંધાન રહીને દેવતા તરફથી પ્રક્ષેપિત થનાર ચૈતન્ય ગ્રહણ થવામાં મદદ થાય છે. પ્રદક્ષિણા કરતી વખતે નામજપ બે રીતે કરી શકાય છે. તારક નામજપ અને મારક નામજપ - સામાન્યરીતે ભાવજાગૃતિ માટે તારક નામજપ તથા અનિષ્ટ શક્તિઓના ત્રાસના નિવારણ માટે મારક નામજપ કરવો ઉચિત છે. જોકે આવો સિદ્ધાંત છે તો પણ સાંપ્રતકાળ અનુસાર તારક નામજપ કરવો આવશ્યક છે. તારક અને મારક નામજપ કરતી વખતે ભાવ કેવો હોવો જોઈએ, એનો ઉલ્લેખ નીચે કર્યો છે.

તારક નામજપ સાથે પ્રદક્ષિણા કરતી વખતે રાખવામાં આવતા ભાવના વિવિધ સ્તરો

૧. દેવતાના તારક રૂપને પોતાની માનસ સપાટી પર અંકિત કરીને નામજપ સાથે પ્રદક્ષિણા કરવી જોઈએ.

૨. શિવની જટાઓમાંથી વહેતી ગંગા જેવી ચૈતન્યમયી ધારા દેવતા તરફથી મારા મસ્તક ઉપર પડી રહી છે , એવા વિચારો પર ધ્યાન કેંદ્રિત કરીને પ્રદક્ષિણા કરવી જોઈએ.

૩. દેવીની મૂર્તિ ચૈતન્યનો એક ગોળો છે અને હું પણ ચૈતન્યનો એક ગોળો છું , એવો ભાવ રાખીને પ્રદક્ષિણા કરવી જોઈએ.

ધીરે ધીરે ઉપરોક્ત તબક્કા અનુસાર ભાવ રાખીને સાધના કરવાથી સગુણથી નિર્ગુણની યાત્રા સહજતાથી કરી શકાય છે.

મારક નામજપ સાથે પ્રદક્ષિણા કરતી વખતે કેવા પ્રકારનો ભાવ રાખવો જોઈએ

'મારા પ્રત્યેક પગલે દેવતાનાં શસ્ત્ર છૂટીને પાતાળ તરફ જઈ રહ્યાં છે , એવો ભાવ પ્રદક્ષિણા કરતી વખતે રાખવો જોઈએ. એથી આપણી ક્ષાત્રવૃતિ જાગૃત થવામાં મદદ થાય છે. ક્ષાત્રવૃતિ જાગૃત થવાથી સમષ્ટિ કાર્યમાં સહભાગી થવું સંભવ થાય છે. સમષ્ટિ કાર્ય કરવું કઠિન હોય છે. પરંતુ સમષ્ટિ કાર્ય કરતી વખતે ઈશ્વર મારી મદદ નિશ્ચિત કરશે તથા હું પ્રત્યેક કાર્ય કરવા માટે સમર્થ છું કારણકે મારામાં પણ ઈશ્વરનો વાસ છે. ઈશ્વર માટે કાંઈ પણ અસાધ્ય નથી , એવો ભાવ રાખવો જોઈએ.

(પ્રદક્ષિણાની વધુ માહિતી માટે જુઓ પાનું ૭)